વાવોલના હરિનગરથી ખ-રોડને જોડતો રોડ કોણે રીકાર્પેટ કરાવ્યો?

એક નાના માર્ગના મરામત કામ અંગે પરાજકીય લાભ ખાટવા ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોના દાવા : સ્થાનિક જાગૃત યુવાને જિલ્લા કલેક્ટરને કરેલી રજુઆતના આધારે કાર્ય થયું હોવાનું જણાયું

ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરમાં કોરોના મહામારીની અસર ઓછી થતાં જ

ફરી એક વાર રાજકીય પક્ષોના અગ્રણીઓ અને ઉમેદવારો સહિત કાર્યકરો ચૂંટણી મોડમાં આવી ગયા છે અને આ સ્થિતિમાં શહેરમાં એક કાર્ય માટે બંને પક્ષ તરફથી જશ લેવાના દાવા કરાઈ રહ્યાં હોવાની ઘટનાઓ પણ બની રહી છે. લાંબા સમયથી વાવોલના હરિનગરથી જૂના પશુદવાખાના પાસેના રેલ્વે ફાટક થઈને ખ-રોડને જોડતો માર્ગ બિસ્માર હાલતમાં હતો અને આ વિસ્તારના વાહનચાલકોને પડી રહેલી હાલાકી અંગે અગાઉ આ અખબારમાં પણ અનેકવાર અહેવાલ પ્રકાશિત કરવામાં આવી ચુક્યા છે. હવે જ્યારે આ માર્ગને હાલ રીકાર્પેટ કરી દેવામાં આવ્યો છે ત્યારે તે કાર્યનો જશ સ્થાનિક ભાજપના તથા કોંગ્રેસના ઉમેદવારો પોતપતાની રીતે લઈ રહ્યાં છે જ્યારે એક સ્થાનિક રહીશ દ્વારા પણ તેમની રજુઆતના આધારે માર્ગનું સમારકામ થયું હોવાનું જાણવા મળ્યું છે.

વાવોલમાં હરિનગર સોસાયટીથી નજીકના રેલ્વે ફાટક થઈને સેક્ટર-૫ તરફ જતાં અને ખ-રોડને જોડતા બિસ્માર માર્ગનું સમારકામ કોના પ્રયાસો થકી થયું તે માટે વાવોલના રહીશો અવઢવમાં મૂકાયા છે કેમકે મનપાના વોર્ડ નં.૭ વાવોલ-કોલવડાના કોંગ્રેસના ઉમેદવાર દેવુસિંહ ગોલના દાવા મુજબ ધારાસભ્ય ડો.સી જે ચાવડાએ તા.૧૫મી ડિસેમ્બર ૨૦૨૦ના રોજ નાયબ મુખ્યમંત્રી સમક્ષ કરેલી રજુઆતના આધારે આ માર્ગ રીકાર્પેટ થવા પામ્યો છે જે રજુઆતનો ફોટો પણ તેઓ સાથે શેર કરી રહ્યાં છે, જ્યારે ભાજપના વોર્ડ નં.૭ વાવોલ-કોલવડાના પ્રમુખ દિલીપસિંહ ગોલ દ્વારા ભાજપના ગ્રુપમાં મૂકવામાં આવેલા સંદેશ અનુસાર ભાજપના ઉમેદવાર શૈલેષભાઈ પટેલની રજુઆતને આધારે પૂર્વ મેયર રીટાબેન પટેલના પ્રયાસોથી આ માર્ગનું સમારકામ થયું હોવાથી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે જોકે તેમાં સાથે કોઈ પુરાવો જોડવામાં આવ્યો નથી. વળી, આ મેસેજમાં ભાજપના અન્ય સ્થાનિક ઉમેદવારના નામનો ઉલ્લેખ ના હોવાથી તેઓ નારાજગી અનુભવી રહ્યાં છે તે અલગ વાત છે પરંતુ હાલ તો આ એક જ કાર્ય માટે બંને પાર્ટીના ઉમેદવારો પોતે કામ પતાવ્યું હોવાના દાવા કરીને મતદારોને લોભાવવા પ્રયાસ કરી રહ્યાં છે. બીજી તરફ હરિનગર સોસાયટી ખાતે રહેતા એક જાગૃત યુવાન ધર્મેશ સોરઠિયાએ આ રોડની બિસ્માર હાલત અંગે ગત માર્ચ માસમાં જિલ્લા કલેકટરને પત્ર લખ્યો હતો જેને આધારે આ સમારકામ થયું હોવાનો તેઓ જણાવી રહ્યાં છે. કોંગ્રેસના દેવુસિંહ ગોલે મ્યુનિસિપલ કમિશનરને ગત તા.૨ ઉમી એપ્રિલે વાવોલની વિવિધ સમસ્યાઓ ઉકેલવા પત્ર લખ્યો હતો જેમાં આ માર્ગનો પણ ઉલ્લેખ હતો. હાલ તો મનપાની ચૂંટણીઓ સ્થગિત છે પરંતુ તે ગમે ત્યારે યોજાશે તેથી ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો પ્રજામાં વ્હાલાં થવા યેનકેન પ્રયાસ કરી રહ્યાં છે.

વાવોલના જાગૃત યુવાને ત્રણ માસ પહેલા લેખિત રજુઆત કરી હતી

હરિનગર સોસાયટી ખાતે રહેતા જાગૃત યુવાન ધર્મેશ સોરઠિયા દ્વારા આ રોડની બિસ્માર હાલત અંગે તા. ૨ ઉમી માર્ચના રોજ જિલ્લા કલેકટરને પત્ર લખવામાં હતો પરંતુ આ કાર્ય જિલ્લા કલેક્ટર કચેરીના કાર્યક્ષેત્ર બહારનું હોવાથી આ રજુઆતને કલેક્ટર દ્વારા તા.૩૦મી માર્ચના રોજ ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનરને મોકલવામાં આવી હતી જેના આધારે આ માર્ગનું સમારકામ કરવામાં આવ્યું છે. આ સ્થિતિમાં રોડનું નવીનીકરણ ખરેખર રાજકિય ઉમેદવારોના પ્રયાસથી થયું કે એક યુવાન જાગૃત નાગરિકના પ્રયાસથી તે બાબતે વાવોલના રહીશોમાં અવઢવ પ્રસરવા પામી છે અને તે સાથે રાજકારણીઓના દાવા અંગે પ્રજામાં અવિશ્વાસ સાથે સમગ્ર મામલે ભારે કુતુહલ સાથે રમુજ પ્રવર્તી રહી છે.

ફિજીયોથેરાપીસ્ટ તબીબોના પડતર પ્રશ્નોની રજુઆત કરાઈ

વર્ગ-૨ નો ગેઝેટેડ દરજ્જો, સરકારી કોલેજો અને હોસ્પિટલોમાં જગ્યાઓ ભરવા, પેરામેડીકલ ન ગણી મેડીકલ ગણવા, એક સમાન આ અભ્યાસક્રમ અને એક જ એમપીટીથી પ્રવેશ આપવા જેવી માંગણીઓ રજુ કરી

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્યના ફિજીયોથેરાપીસ્ટ તબીબોએ ફિજીયોથેરાપી ક્ષેત્રના વિવિધ પડતર પ્રશ્નો અંગેની રજુઆત વોઈસ ઓફ ફિજીયોની રચના કરી તેના નેજા હેઠળ સરકારમાં કરવામાં આવી છે. વર્તમાન કોરોના મહામારીના સમયમાં ફિઝિયોથેરાપી તબીબોની સરકારે સેવા લઈ આ બિમારીનો સક્ષમ રીતે સામનો કરવાનો યોગ્ય અભિગમ દાખવ્યો હતો. આરોગ્ય વિષયક સેવાઓમાં કાર્યરત આ તબીબોએ નોંધપાત્ર યોગદાન આપ્યુ છે ત્યારે સરકારમાં કેટલાક પ્રશ્નો સંકલન માંગી લે છે અથવા નિર્ણાયક કક્ષામાં છે ત્યારે સત્વરે આ તબીબોની માંગણીઓ પ્રત્યે સરકાર હકારાત્મક નિર્ણય લે તેવી માંગ તબીબોએ કરી છે.

વોઈસ ઓફ ફિજીયોની જોઈન્ટ કમીટીના સભ્યો ડૉ. ગુંજન કાકડીયા, ડૉ. હર્ષદ મોરસીયા, ડૉ. અજય ઠાકોર, ડૉ. સંકેત મહેતા, ડૉ. ચિરાગ પટેલ, ડૉ. મેહુલ રાવલ, ડૉ. જયદીપ બારોટ તથા ડૉ. ચંદ્રેશ પટેલે સરકારમાં કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે ફિજીયોથેરાપીને ગુજરાત કાઉન્સિલના બંધારણ મુજબ મેડીકલ શ્રેણીમાં મુકવામાં આવે. વિધેયક ૨૦૧૧ મુજબ ફિજીયોથેરાપીએ આધુનિક તબીબી વિજ્ઞાનની જ એક શાખા છે. શરૂઆત બે વર્ષના કોર્ષથી હતી જ્યારે હવે પ્રારંભિક કોર્ષ સાડાચાર વર્ષનો છે.

કોરોના કાળમાં સોસાયટીનું મેન્ટેનન્સ ઘટાડી માનવતાભર્યો અભિગમ દાખવતા હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૭

કોરોના કાળમાં માનવીને સંબંધોની સાચી કિંમત સમજાઈ છે, આ કપરા સમયમાં અનેક સોસાયટી કે વસાહતોમાં સંચાલકો કે હોદ્દેદારો દ્વારા માનવતાભર્યા અભિગમ દાખવવામાં આવ્યાં છે. સરગાસણ વિસ્તારમાં સિદ્ધરાજ ઝોલ્ડ સોસાયટીમાં પણ હોદ્દેદારોએ કપરાં કોરોના કાળમાં સર્જાયેલી આરોગ્ય વિષયક અને આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સોસાયટીનું મેન્ટેનન્સ ઘટાડવાથી માંડીને એકબીજાને મદદરૂપ થવાના પગલાં ભર્યા હોવાથી રહીશો ગદ્‌ગદિત થયાં છે.

એક તરફ કોરોના મહામારીના લીધે મોંઘવારીમાં વધારો થયો છે તેમ છતાં સિદ્ધરાજ ઝોલ્ડ સોસાયટીની કમિટીના પુનઃ નિયુક્ત થયેલા પ્રમુખ પંકજભાઈ ઉપરાંત હોદ્દેદારો બ્રહ્મભટ્ટભાઈ, બાબુભાઈ, બક્ષીભાઈ તથા અન્ય સભ્યોએ સોસાયટીના અગાઉ લેવાના મેન્ટેનન્સમાં ધરખમ ઘટાડો કરી ઉત્તમ વહીવટનું ઉદાહરણ પુરૂ પાડ્યું હોવાનું સોસાયટીના અગ્રણી રહીશ ભદ્રશીલાબેન ત્રિવેદીએ જણાવ્યું છે. તેમણે કોરોના કાળમાં તમામ રહીશોને મદદરૂપ થવા બદલ પણ હોદ્દેદારોનો આભાર માન્યો છે. આ સાથે સોસાયટીના અન્ય રહીશો છાયાબેન, રક્ષાબેન, પદ્માબેન તથા અન્યો દ્વારા પણ હોદ્દેદારો પ્રત્યે અભિનંદન સાથે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

ખૂણેખાંચરેથી

- તાજેતરમાં ફુંકાયેલા જોરદાર પવન સાથે વરસાદ દરમ્યાન સે. ૨૯ માં પ્લોટ નં. ૩૨૮માં રહેતા શહેરના અગ્રણી દિપકભાઈ ભટ્ટના નિવાસસ્થાન પર વિજળી પડી હતી અને તેમાં તેમના ડીશ એન્ટેના અને ટી.વી.ને નુકશાન થયુ હતુ.
- ગાંધીનગરમાં આજથી ૧૦૦ ટકા સ્ટાફ સાથે કચેરીઓ ચાલુ થતાં ધારાસભ્યો પણ સચિવાલયમાં દેખાયા હતા.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી જવા પામી છે.
- ચોમાસાના પ્રારંભ પહેલાં જ શહેરમાં છુટા છવાયા મેલેરિયાના કેસોએ દેખા દીધી છે.
- ગાંધીનગર શહેરમાં ૧૮+ ૩૬૩૧ યુવાઓને અને ૪૫+ ૬૧૦ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૬૮૩ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓ. ક્રેડીટ સોસાયટીના ચેરમેનપદે લાલભાઈ પટેલ, વાઈસ ચેરમેન પદે કોદરભાઈ પટેલ અને મેને. ડિરેક્ટર પદે અશોકભાઈ આર. પટેલ ચૂંટાઈ આવ્યા છે

મેદરા ગામે જુગાર રમતા ૬ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક આવેલા મેદરા ગામે આંબલીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓમાંથી ૬ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ. ૩૦૫૫નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ડભોડા પોલીસમથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળી હતી કે મેદરા ગામમાં ખુલ્લી જગ્યામાં જુગારીઓ જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે જુગાર રમી રહેલા કાંતિભાઈ સેંધાભાઈ પરમાર, કિરણ રમેશ ચૌહાણ, વિશાલ બળદેવ ચૌહાણ (તમામ રહે. ગામ મેદરા) મહેશ લીલા ઠાકોર, રવિ અમરસિંહ ઠાકોર અને રવજી ખોડા ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૩૦૫૫ રોકડ મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આમ આદમી પાર્ટીના સિટી વોટ્સએપ ગ્રુપમાં જૂથવાદની ધમાચકડી

હોદ્દેદારોની સુચનાથી અંતે વોટ્સએપ ગ્રુપ બંધ કરવું પડ્યું : પક્ષાંતર કરીને આવેલા સભ્યો પ્રત્યે અસંતોષ છતો થયો

ગાંધીનગર તા.૦૭

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ તેમજ સુરત મહાનગરપાલિકામાં સારા દેખાવ સાથે ઉત્સાહમાં આવેલી આમ આદમી પાર્ટીએ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પણ મેદાન મારવાની આશા જગાવી છે અને પ્રજા સમક્ષ ભાજપ કોંગ્રેસની લડાઈમાં ત્રીજો વિકલ્પ આપવા કોશિશ કરી રહી છે. જો કે ઉતાવળે આંબા પકવવા નીકળેલી આમ આદમી પાર્ટીના સંગઠનમાં હવે કોંગ્રેસના અસંતુષ્ટોનો પણ સમાવેશ થતાં જૂથબંધી અને વિખવાદની શરુઆત થઈ ચુકી છે જે આપ પાર્ટી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. હાલ આમ આદમી પાર્ટીના ગાંધીનગર સીટી વોટ્સએપ ગ્રુપમાં આ જૂથવાદ અને અસંતોષ ભડકે બળતાં છેવટે ગ્રુપ બંધ કરવાની ફરજ પડી છે.

સોશ્યલ મીડિયાએ અત્યારનું સૌથી મજબૂત પ્લેટફોર્મ ગણાય છે જેનો અત્યાર સુધી ભાજપે સુપેરે ઉપયોગ કરી બતાવ્યો છે અને હવે બાકીની રાજકીય પાર્ટીઓ પણ તેનું મહત્ત્વ સમજી ચુકી છે પરંતુ ક્યારેક આ સોશિયલ મીડિયા જ તેમના માટે મુશ્કેલીનું કારણ બની રહ્યું છે. ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી આમ આદમી પાર્ટીના ×આપ ગાંધીનગર સીટી× વોટ્સએપ ગ્રુપમાં જે ધમાચકડી મચી છે તે જોતા પાર્ટીના શહેર સંગઠનમાં વિખવાદો અને જૂથબંધી એ ઘેરો ઘાલ્યો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે આપ પાર્ટીના શહેર પ્રમુખ જીતેન્દ્ર ધરવાડીયા એ ગ્રુપમાં મેસેજ મૂક્યો કે હવે આ ગ્રુપ ઑફિશ્યલ રહ્યું નથી અને કેટલીક વિરોધી પાર્ટીઓએ આ ગ્રુપનું સંચાલન પોતાને હસ્તક લઈ લીધું છે તેથી કોઈએ મેસેજ વીડિયો સેન્ડ કરવા નહીં. આ મેસેજના પ્રતિભાવમાં આપના જુના નેતા ગુણવંત પટેલ દ્વારા સામે દલીલો કરવામાં આવી હતી પરંતુ બીજી તરફ કાર્યકરોએ ગ્રૂપ છોડવાનું શરૂ કરી દીધું હતું. સામસામી ચર્ચાના દોરમાં આપ પાર્ટીના પ્રદેશ પ્રભારી શિવકુમાર ઉપાધ્યાયે જવાબદાર વ્યક્તિને શોકોઝ નોટિસ પાઠવવા સૂચના આપતા મામલો વધુ ગરમાયો હતો તેવા સમયે પ્રદેશ સંગઠન મંત્રી હસમુખ પટેલે બધાને ગ્રુપમાંથી નીકળી જવા સૂચના આપી હતી પરંતુ તેની સામે ગુણવંત પટેલે કેટલાક ગ્રુપ બનાવશો તેવો સવાલ કર્યો હતો. તેમણે પાર્ટી માટે પોતે આઠ વર્ષ સુધી તમામ ખર્ચ સહિતની જવાબદારી નિભાવી હોવાનો બળાપો કાઢ્યો હતો પરંતુ તે પછી કોંગ્રેસમાંથી આ પાર્ટીમાં આવેલા અને જિલ્લા પ્રમુખ તરીકે નિમાયેલા મુકેશ પટેલે તમામ સભ્યોને ગ્રુપ છોડી દેવા સૂચના આપી હતી આ પછી આપ પાર્ટીના શહેર પ્રમુખો દીપલભાઈ અને મોહસીનભાઈએ પણ સભ્યોને ગ્રુપમાંથી નીકળી જવા સૂચના આપતા મોટાભાગના સભ્યોએ ગ્રુપ છોડી દીધું હતું. દીપલભાઈએ પાર્ટી દ્વારા નવું ગ્રુપ બનાવી દીધું હોવાનું જણાવતા સભ્યોને ગ્રુપમાંથી લેફ્ટ થવા અનુરોધ કર્યો હતો. સોશ્યલ મીડિયા પર જામેલી આ ધમાચકડીએ આપ પાર્ટીના શહેર સંગઠનમાં અત્યારથી જ જૂથબંધી અને અસંતોષ વકરી રહ્યો હોવાનું સ્પષ્ટ કર્યું છે જે આગામી સમયમાં ગાંધીનગરની જનતાને ત્રીજો વિકલ્પ પૂરો પાડવા નીકળેલી પાર્ટી માટે સૌથી પહેલો આંતરિક પડકાર ઊભો થયો છે.

સરકાર અને આઈઓસીએલ વચ્ચે ૨૪ હજાર કરોડના કરાર થયા

ગાંધીનગર,તા.૭

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે ગુજરાતની મુલાકાતે છે. ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન રૂપિયા હજાર કરોડના રોકાણોના ૬ પ્રોજેકટસ વડોદરામાં સ્થાપશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતીમાં ગુજરાત સરકાર અને ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન વચ્ચે ગાંધીનગરમાં કરવામાં આવ્યા. વડોદરા આઈઓસી રિફાયનરીનાં એક્સપાન્સન અંગે કરાર કરવામાં આવ્યો છે. આઈઓસીએલનો વ્યાપ વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૪ હજાર કરોડના રોકાણના વિવિધ સમજૂતી કરારો કરવામાં આવ્યા છે.

ગીફ્ટસીટી ખાતે મેરીટાઈમ બોર્ડ ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ મેરીટાઈમ સર્વિસિસ કલસ્ટર સ્થાપશે

ગુજરાત મેરીટાઈમ બોર્ડ (જીએમબી) ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ મેરીટાઈમ સર્વિસિસ કલસ્ટરની સ્થાપના ગિફ્ટસિટી ખાતે કરશે. પોર્ટ્સ, શિપિંગ, લોજીસ્ટિક્સ સર્વિસિસ પ્રોવાઈડર્સ અને સંબંધિત સરકારી નિયામકો માટે સમર્પિત ઈકોસિસ્ટમ તરીકે મેરીટાઈમ કલસ્ટરનો વિકાસ કરાશે, જેઓ એક જ ભૌગોલિક ક્ષેત્રમાં (એટલે કે ગિફ્ટ સિટી) ઉપસ્થિત છે. તાલમેલને સક્ષમ બનાવવા માટે આ કલસ્ટર હિસ્સેદારોની નિકટતા અને પહોંચનો મહત્તમ લાભ લેશે.

નવા કલસ્ટરનું સ્વાગત કરતાં ગિફ્ટસિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે "મેરીટાઈમ કલસ્ટરની સ્થાપના આ ક્ષેત્રમાં ભારતની શાખ અને આર્થિક સદ્ધરતાને બળ આપવાની દિશામાં ખૂબજ આવશ્યક પગલું છે. અમને ખુશી છે કે ગિફ્ટસિટીમાં ભારતનું પ્રથમ મેરીટાઈમ કલસ્ટર આકાર લેશે, જેનાથી ભારતની મેરીટાઈમ સંભાવનાઓને સાકાર કરવામાં મદદ મળશે. ભારતના પ્રથમ આઈએફએસસી હોવા તરીકે ગિફ્ટસિટી વિશિષ્ટ ઓળખ ધરાવે છે તેમજ આ સંસ્થાઓને સામેલ કરવાથી અમારા મૂલ્ય દરખાસ્તમાં વધારો થશે. ગિફ્ટસિટી સંકલન અને નવીનતા માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડને અનુકૂળ ઈકોસિસ્ટમ પ્રદાન કરશે."

આ અંગે પ્રતિક્રિયા આપતાં જીએમબીના વાઈસ-ચેરમેન અને સીઈઓ- આઈએએસ-શ્રીમતી અવંતિકા સિંઘે કહ્યું હતું કે "ભારતમાં આ પ્રથમ પ્રકારનું કમર્શિયલ મેરીટાઈમ સર્વિસિસ કલસ્ટર બનશે, જેની કલ્પના મેરીટાઈમ સેક્ટરમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવા અને આત્મનિર્ભર બનાવવા તથા સમગ્ર મેરીટાઈમ ઉદ્યોગને વન-સ્ટોપ સોલ્યુશન પ્રદાન કરવા માટે કરાઈ છે. મજબૂત મેરીટાઈમ સમુદાયની રચના કરવા અને તેની વેલ્યુ ચેઈનને મજબૂત કરવા માટે ગિફ્ટસિટી અનુકૂળ માહોલ પૂરો પાડે છે. ગિફ્ટસિટી અદ્યતન માળખાકીય અને વિશ્વ-સ્તરીય બેંકિંગ સુવિધાઓ અને સંસ્થાઓ ધરાવે છે, જે કલસ્ટર માટે ઈનોવેશનને બળ આપવામાં, આર્થિક સદ્ધરતા, સહયોગ અને વ્યવસાયિક તકો માટે લાભદાયી બની રહેશે. અમે મેરીટાઈમ સમુદાયનું આ પ્લેટફોર્મનો લાભ લેવા અને આ પહેલમાં સામેલ થવા સ્વાગત કરીએ છીએ."

દહેગામ કેનાલ પાસે સ્વીફ્ટ કાર બાઈક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યું

ગાંધીનગર, તા. ૭

દહેગામ નજીક પસાર થતી નર્મદા કેનાલ પાસે સ્વીફ્ટ કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર અન્ય વ્યક્તિને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. મૃતક બાઈક ચાલક એસ.ટી. વિભાગનો નિવૃત્ત કન્ડક્ટર હતા અને બહિયલ ગામમાં સિપાઈ સમાજના આગેવાન હોવાથી ગામમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ. જ્યારે સાથે રહેલા મિત્ર બળદેવજને શરીર પર ગંભીર ઈજા વધુ હોવાથી સારવાર માટે લઈ જવાયો હતો. બળદેવને ઈજા પહોંચતા ગાંધીનગર સારવાર માટે સિવિલ લઈ જવાયો હતો. અકસ્માતને પગલે વાહનચાલકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. સેક્ટર-૭ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતકના નાનાભાઈ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગીરીશભાઈને સાથે રાખી પોલીસતંત્રએ સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા. પોલીસે મૃતક મહેશ પરમાર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નારણભાઈ પટેલ સન્માનિત થયા

ભારત સહીત સમગ્ર વિશ્વ જયારે કોરોનાની મહામારી સામે લડી રહ્યું છે ત્યારે ગુજરાતમાં વિવિધ જગ્યાએ લોકો પોતાની શક્તિ પ્રમાણે અને તેનાથી પણ વધારે મદદ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં નગરના અગ્રણી સહીત નગરના તમામ સેવાભાવી અગ્રણીઓ દ્વારા પોતાની શક્તિથી પણ વધારે ઈશ્વર કૃપાથી શક્ય તમામ મદદ કરીને ક્યાંક ને ક્યાંક લોકોની જિંદગી બચાવી રહ્યા છે અને સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરી માનવધર્મ નિભાવી રહ્યા છે. આ તબક્કે લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા નગરના તમામ અગ્રણીઓનું તેમની સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. સંસ્થાના યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુક્લ, વાઈસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદી, ગુજરાતના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા અગ્રણીઓનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવેલ અને તેમની સેવાઓની પ્રશંસા કરવામાં આવી હતી.

ભરતસિંહે દિલ્હીની વાટ પકડતાં રાજકારણ ગરમાયું

પ્રમુખ અને વિધાનસભા વિપક્ષના નેતાની રેસ તેજ : કોંગ્રેસના પ્રમુખપદ માટે મોઢવાડીયા, ભરતસિંહ સોલંકી તથા શક્તિસિંહ ગોહિલ પ્રબળ દાવેદાર માનવામાં આવે છે

અમદાવાદ,તા.૭

રાજ્યમાં અગામી વર્ષે વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે જે ને ધ્યાને રાખી ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી સક્રિય બન્યા છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તથા વિધાનસભાના વિરોધપક્ષના નેતાના પદ માટે લોબીગ શરૂ કર્યુ છે. દિલ્હી દરબારમાં આ અંગે મંથન ચાલુ થયુ છે ત્યારજ ભરતસિંહે દિલ્હીની વાટ પકડતાં રાજકારણ ગરમાયુ છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિરોધપક્ષના નેતા પદેથી પરેશ ધાનાણીએ રાજીનામુ આપ્યુ હતું. ગુજરાત કોંગ્રેસના પ્રભારા રાજીવ સાતવ કોરોનામાં સપડાયા અને તેમનુ અવસાન થયુ હતું. રાજ્યમાં વિધાનસભાની ચુંટણીઓને આડે હવે માત્ર દોઢ વર્ષનો સમયગાળો બાકી છે ત્યારે ગુજરાત કોંગ્રેસના મુખ્ય ત્રણેય પદ ખાલી છે જેના માટે

લોબીગંની શરૂઆત થઇ ગઇ છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખપદ માટે પુર્વ પ્રમુખ અર્જુન મોઢવાડીયા પુર્વ પ્રમુખ અને પુર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી તથા રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. ચુટંણીના આડે માત્ર દોઢ વર્ષનો સમય ગાળો બાકી છે, ત્યારે મુખ્ય બે પદ માટે રેસ તેજ બની છે. શનિવારે માંડી સાંજે વિરમગામના ધારાસભ્ય લાખાભાઇ ભરવાડના ફાર્મહાઉસ ખાતે ભરતસિંહ સોલંકીની આગેવાનીમાં ઠાકોર સમાજ અને કોળી સમાજના ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં મુખ્ય બે પૈકીનું એક પદ ઓબીસી ઠાકોર કે કોળીને આપવાની માંગ કરાઇ છે. ગુજરાત કાંગ્રેસના પ્રભારીના માટે પણ ત્રણથી ચાર નામ હાલ ચર્ચમાં ચાલી રહ્યા છે. જેમાં બીકે હરી પ્રસાદ, મોહન પ્રકાશ, મુકુલ વાસનીક અને અવિનાશ પાંડેનો સમાવેશ થાય છે. બીકે હરી પ્રસાદ અગાઉ ગુજરાત કાંગ્રેસના પ્રભારી રહી ચુક્યા છે, પણ કોંગ્રેસની સરકાર ન બનાવી શક્યા. મોહન પ્રકાશ વર્ષ ૨૦૧૪માં ગુજરાત કોંગ્રેસના પ્રભારી હતા, ત્યારે કોંગ્રેસ ૨૬ બેઠકો પર હારી હતી. મુકુલવાસનીક રાહુલ ગાંધીની નજીકના નેતા ગણાય છે. અવિનાશ પાંડેની વાત કરવામાં આવે તો તેઓ રાજસ્થાન કોંગ્રેસના પ્રભારી રહી ચુક્યા છે અને ત્યાં સરકાર બની છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી એવા નેતાને બનાવવામાં આવશે કે જે અશોક ગહેલોતની પહેલી પસંદ હોય. કેમ કે અશોક ગહેલોત ગુજરાત કોંગ્રેસના રાજકારણથી અવગત છે. અવનિશ પાંડે રાજસ્થાનના મુખ્યમંત્રીની નજીક હોવાથી તેમની પસંદગી ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે થવાની શક્યતા વધારે છે.